

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બેન્કની બખોલે અજગરો પોષ્યા - પાલ્યા બેઠા છે,*
*ને બૂટલેગર - ગુન્હેગારો ફૂલ્યા - ફાલ્યા બેઠા છે.*
*બોલ્યા - ચાલ્યા વિના કાતરે છે સરકારી તિજોરી -*
*દરેક ઉદ્યોગ - ધંધામાં, સર્વત્ર માલ્યા બેઠા છે.*
*(૧૦૦ કિલો સોનું, ૧૦૦ કરોડ નાણું જોયું છે કોઈ'દિ ?!)*

હાઈકુ

*ચાલે નાટકો*
*'મફત' રંગમંચે -*
*જોયા કરો ને !!*
*(રાજકીય તાયફા)*

*દીધો જુલાબ*
*'ગૂગળ' ઔષધથી*
*થયું વા-છૂટ..*
*(એન્ડ્રોઈડ ગોળી)*

### ચિંતન

**જપ તપ તીરથ સબ કરે, ઘડી ન છાંડે ધ્યાન ।**
**કહે કબીર ભક્તિ બિના, કબુ ન હોય કલ્યાન ॥**

ઉપરોક્ત સાખી કહતકબીરામાંથી લેવામાં આવેલઓ છે.

શાસ્ત્રોનો અભ્યાસ કરવા છતાં શાસ્ત્રોનું રહસ્ય ન સમજવાથી કેટલાંક પંડિતો જપ, તપ, તીર્થ અને ધ્યાન એટલી ક્રિયાઓ કરવામાં જ આખી જિંદગી ગુજારે છે પણ કબીર કહે છે કે જપ - તપ એ તો એક પ્રકારનો હઠયોગ છે. એ કરવાથી ભલે અમુક સિદ્ધિઓ પ્રાપ્ત થતી હોય પણ એથી કંઈ ભવનું ભ્રમણ અટકે નહીં. આંતર દૃષ્ટિ ન ખૂલે ત્યાં સુધી જપ - તપ - તીરથ કરવાથી કોઈ લાભ થવાનો નથી.

ધ્યાન ઉત્તમ ચીજ છે પણ બાહ્ય ક્રિયામાં રાચતાં માનવી માટે તો એ પણ એક ક્રિયા જ બની રહે છે. જીવનું કલ્યાણ તો ત્યારે થાય કે જ્યારે મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય. ભક્તિ કરવાવાળો માણસ પોતાના તન મન અને ધન સર્વ ઈશ્વરને અર્પિત કરીને માને છે આમાં કશું જ મારું નથી. એ બધા તો ઈશ્વરે જનસેવા માટે આપેલા સાધનો છે અને તેનો ઉપયોગ તે માટે જ કરવો એવો ખ્યાલ ધરાવનાર માટે અને આચરણમાં મૂકનાર માટે મોક્ષ નિશ્ચિત છે.

### સુવિચાર

- જ્ઞાન સાથે નમ્રતા આવે ત્યારે જ જ્ઞાનનું ફળ પાક્યું ગણાય - **મકરંદ દવે**
- આવતા વર્ષની વાત કરવા લાગો અને શયતાન હસવા લાગે છે - **જાપાની કહેવત**
- જો નાની કેડી પણ નજર સામે હોય તો દૂર ન રાજમાર્ગ મૂકી તે કેડી પર દોડવાનું શરુ કરી દો - **જેક કેનફીલ્ડ**
- દેવું કરવાની ટેવ એ કરકસરનો મોટો દુશ્મન છે - **જનકલ્યાણ**
- અધિકાંશ વ્યક્તિ જેને સુખ માને છે તે બીજું કાંઈ નહિ, ફક્ત તેમની ઈચ્છાઓની તૃપ્તિ છે - **એરિક ફ્રોમ**
- તમે જે સલાહ બીજાને આપો છો, તે મુજબ જીવવું તે જ જિંદગીની સફળતાની ચાવી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : બેકીંગ સોડાની પેસ્ટ બનાવી મધમાખીના ડંખ પર લડવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સમસરેટ મોમ જગપ્રસિદ્ધ લેખક, વ્યવસાયે ડૉકટર હતા. પણ એમને પૂરી ખાત્રી હતી કે એમની પ્રેક્ટિસ ચાલશે નહીં તેઓ જે હોસ્પિટલમાં છેલ્લું વર્ષ ભણ્યા હતા. ત્યારે ઘણા બધા ગરીબોના સંપર્કમાં આવ્યા હતા. આ અનુભવ ઉપરથી એમણે 'લીઝી ઑફ લેમ્બેથ' નામની વાર્તા લખી જે ખૂબ વખણાઈ તથા વેચાઈ. પછી તેમણે ઘણા નાટકો તથા નવલકથા લખ્યા અને સફળ લેખક તરીકે નામના પામ્યા. આર્થિક રીતે પણ દસેક વર્ષમાં ઘણું કમાયા. એક જમાનાના ગરીબ પરિવારમાં મોટા થયેલા સમરસેટ મોમ પણ આજે સફળ અને સધ્ધર લેખક ને મળવા પેરિસના મોટા અખબારના તંત્રી આવ્યા. તંત્રીએ ઈન્ટરવ્યુ દરમિયાન તેમની નવલકથાઓ, નાટકો તથા વાર્તાઓ ઉપરથી બની હોય એવી ફિલ્મો વગેરેની તલસ્પર્શી ચર્ચા થઈ. ઈન્ટરવ્યુ દરમિયાન સમરસેટ મોમ પાણી પીવા થોભ્યા ત્યારે તંત્રીએ જોયું કે સમૃદ્ધ લેખક સમરસેટ તિરાડવાળા કાચના ગ્લાસમાં પાણી પીતા હતા. પેલા તંત્રીએ પૂછ્યું, 'મિસ્ટર સમરસેટ, તમારું આ વૈભવી ફર્નિચર, ઘર તથા આ મોંઘા પેઈંટીંગથી સજાવેલું ઘર છે છતાં તમે તુટેલા ગ્લાસમાં પાણી પીઓ છો ?' આનું કોઈ રહસ્ય ખરું ?' સમરસેટે હસીને કહ્યું, 'ખૂબ નામ અને દામ કમાયો છું, તેથી મગજમાં એનો નશો ચઢી જાય છે ત્યારે આ તિરાડવાળા ગ્લાસમાં પાણી લઈને ધીમે ધીમે ઘૂંટડાં ભરું છું અને બાળપણની ગરીબીના એ દિવસો યાદ કરું છું. જયારે એક ટંક ભોજન પણ દુર્લભ હતું.' તંત્રીએ સમરસેટ મોમનો મનોમન વંદન કર્યા.

# કોંગ્રેસનો નવો અવતાર

**તંત્રીસ્થાનેથી...**

સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ ખાસ્સું કાઠું કાઢ્યું હતું અને નહેરું ગાંધી પરિવાર પક્ષ માટે સંજીવની પુરવાર થઈ શકે એ થિયરી વધુ એક વાર સાચી ઠરી હતી. નરસિંહ રાવ અને સીતારામ કેસરી જેવા જૂનાજોગીઓની સરખામણીએ આ વિદેશી મૂળનાં મહિલા કોંગ્રેસને પુનર્જીવિત કરવામાં કામિયાબ નિવડ્યાં હતાં. કાળક્રમે કોંગ્રેસનું નેતૃત્વ રાહુલને હવાલે કરવાના પ્રયાસો આરંભાયા. શરુ શરુમાં રાહુલ ગાંધીએ ઘણો સંકોચ અનુભવ્યો અને આખરે ઘણી જદ્દોજહદ પછી તેઓ બીમાર માતાની મદદમાં ઉપપ્રમુખ બન્યા. દેશભરમાં ફેલાયેલા યુવા કોંગ્રેસને બેઠી કરી એમાં નવેસરથી પ્રાણ ફૂંકવામાં પણ રાહુલને પ્રમાણમાં સારી એવી સફળતા સાંપડી તે પછી એમને સંગઠનની બાગડોર હસ્તગત કરી અને પદ્ધતિસર ચૂંટાયેલા પ્રમુખ તરીકે માતા સોનિયા ગાંધીની જગ્યા સંભાળી લીધી. રાહુલ ગાંધીની આ રાજકીય યાત્રા દરમિયાન એમને 'પપ્પુ' જેવાં તખલ્લુસ પણ મળતાં રહ્યાં પણ એ તમામને નજરઅંદાજ કરી એમને યુવા કાર્યકરોની જે બ્રિગેડ તૈયાર કરી તે કોંગ્રેસનો નવો અવતાર બની રહેલ છે. રાહુલ ગાંધીના સમવયસ્કો જેવા રાજેશ પાઈલટના સુપુત્ર સચીન અને જિતિન પ્રસાદ કે માધવરાવ સિંધિયાના યુવાન રાજકુમાર જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા યુવાન નેતાઓને મહત્ત્વ મળતાં ખુદ રાહુલ ગાંધીને મેન્ટર ગણાતા દિગ્વિજયસિંહ જેવા સિનિયર કોંગ્રેસીઓનાં પત્તા કપાતાં ચાલ્યાં છે. છેલ્લે એઆઈસીસીની વર્કિંગ કમિટીમાંથી આવા નેતાઓની બાદબાકી સૂચક છે. ગુજરાતના રાષ્ટ્રીય કોંગ્રેસી નેતા અહમદ પટેલ એમનું સ્થાન બચાવી શક્યા છે તે ઘણાને આશ્ચર્ય થાય પરંતુ તેઓ ગાંધી પરિવાર માટે અનિવાર્ય બની રહ્યાં છે તેનું આ પ્રમાણ છે. અહમદ પટેલ અને એ.કે. એન્ટનીએ પોતે પોતાની રીતે આગવું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યુ હોઈ રાહુલ ગાંધીની વય મુજબ ન ગમતા હોય તો પણ એમણે રાખવા જ પડે ! ગુજરાત પ્રદેશ કોંગ્રેસનું નેતૃત્વ અમિત ચાવડા જેવા યુવાન ધારાસભ્યને અને વિપક્ષની નેતાની જવાબદારી પરેશ ધાનાણી જેવા સક્ષમ યુવાન નેતાને સોંપીને ક્ષત્રિય-પાટીદારનું સંતુલન ગોઠવવાની કોશિશ તો થઈ જ છે, સાથે જ સૌરાષ્ટ્ર અને ગુજરાતનું બેલેન્સ જાળવવાની પણ કાળજી રખાી છે. ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ પૈકી રાજયસભામાં લઈ જવાયેલ મધુસૂદન મિસ્ત્રી અને અમીબહેન યાજ્ઞિક ઉપરાંત રાષ્ટ્રીય પ્રવક્તા તરીકે પ્રસ્થાપિત કરાયેલ શક્તિસિંહ ગોહિલને બાદ કરતાં બાકીના ઘણા સિનિયરોને હાંસિયે ધકેલાયા હોવાનો અહેસા થાય તે સ્વાભાવિક છે. રાહુલ ગાંધીના કાર્યકાળમાં પોતાનું વજૂદ નહીં જળવાય એવી દહેશતથી પીડાતા સિનિયરો પૈકી કુંવરજી બાવળિયાએ તો પાર્ટીને રામ રામ કરીને ભાજપ સરકારમાં મંત્રીપદું પણ મેળવી લીધું છે. બીજા ઘણા બધા વાડ ઉપર બેઠા છે, જે કયારે કૂદી પડશે તે કહેવું મુશ્કેલ છે. આવી સ્થિતિમાં જો પાર્ટી હાઈકમાન્ડ થાભડભાણાંની નીતિ અપનાવે તો એવા નેતાઓને વારંવાર પ્રેશર ટેક્ટિક્સ અપનાવવાની કુટેવ પડી જવાની સંભાવના આથી રાહુલ ગાંધીએ જેને જેવું હોય એને જવા દેવાની નિતિ અપનાવીને પોતે જ યુવા વર્ગના નેતૃત્વની સંકલ્પના કરેલી છે તેને વળગી રહેવાનો નિરધાર કર્યો છે. તે મુજબ અગાઉની ઢીલી નીતિ અનુસાર સંગઠનમાં જથ્થાબંધ પદેનો બદલે અગત્યનાં પદોની સંખ્યા મર્યાદિત કરવાનો નિર્ણય કરાયો છે, તે એક હિંમતભર્યું પગલું જ ગણાવું જોઈએ. રાહુલ ગાંધીને કોંગ્રેસનું નવસર્જન કરવું હશે તો ઘણું બધું જૂનું તોડવા-ફોડવાની તૈયારી રાખવી જ રહી.

# ન્યાય મેળવવો એ મૂળભૂત અધિકાર છે



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ખોટી રીતે અન્ય કારણોસર સંડોવવામાં આવેલ હોય અને પ્રથમદર્શી ચકાસણી ઉપરથી જણાતું હોય કે ગુન્હો કરેલ નથી જુદી જુદી પધ્ધતિથી જુદા પાડવાના રહે છે એક નાગરિકની સ્વતંત્રતા બીજાના તરંગને આધીન ન હોય. કાયદોએ સ્વતંત્ર નાગરિકને રક્ષણ કરવાનું હોય અને ગુન્હેગારને સજા કરવાની હોય છે. આમ, સાચા કિસ્સામાં આ રીતે બાકાત રાખવાનું રહે અને નહિ કે ખોટા કિસ્સામાં આનાથી કાયદાનો હેતુ સરે છે.

ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૮ ને બાકાત રાખવાની જોગવાઈ એવા કિસ્સામાં લાગુ પડે છે કે જેમાં અત્યાચારો અધિનિયમ હેઠળ ગુન્હો થવાનું પ્રથમદર્શનીય કેસ હોય બીજી બાજુ જો એ દર્શાવી શકાય કે પ્રથમદર્શી રીતે બીજા હેતુથી ખોટા આક્ષેપો થયા છે તો આ બાકાત રાખવાની જોગવાઈઓ લાગુ પડે નહિ.

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ અધિનિયમ ૧૯૯૮ ની કલમ ૩(૧), ૩(૨)(૬), ૩(૨)(૭), ૧૮ તથા ભારતનું બંધારણ ૧૯૫૦ ની કલમ ૧૪,૧૯,૨૧ તથા ફોજદારી કાર્યસંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૮ એ અત્યાચાર વિરૂધ્ધ આગોતરા જામીન લગત છે શું ૧૯૮૯ ના અધિનિયમની કલમ ૧૮ હેઠળ આગોતરા જામીનનો સંપૂર્ણ પ્રતિબંધ છે? કાયદાનો હેતુ જોવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે આગોતરા જામીન બાકાત રાખવામાં આવે તો ગુન્હો કરતા લોકોથી પીડીતાનું રક્ષણ કરવા માટે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમ ૧૯૯૮ કલમ ૩(૧), ૩(૨)(૬), ૩(૨)(૭) અને ૧૮ તથા ફોજદારી કાર્યસંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૮ મુજબ અત્યાચારોને આગોતરા જામીન આપવા પર પ્રતિબંધ છે. કલમ ૧૮ લાગુ પાડવા બાબતમાં જો કોઈ વ્યકિતએ દર્શાવેલ હોય કે અનુસૂચિત જનજાતિના સભ્ય વિરૂધ્ધ કોઈ અત્યાચારનો ગુન્હો કરેલ નથી અને આક્ષેપો બદદાનત કરેલ નથી અને પ્રથમદર્શી ખોટા છે અને કોઈ પ્રથમદર્શીય કેસ નથી કે ખોટા કેસ થયેલ છે તેની વિરૂધ્ધ એવું વર્તન ન થઈ શકે જે વ્યક્તિઓ પ્રથમદર્શી રીતે ગુન્હો કરે છે અત્યાચારો અધિનિયમની કલમ ૧૮ કાયદેસર જાહેર થઈ હોય તો પણ જો કોઈ વ્યક્તિ વિરૂધ્ધ પ્રથમદર્શી કેસ ન હોય તો આગોતરા જામીન આપવા સામે પ્રતિબંધ નથી.

ફોજદારી કાર્યસંહિતના ૧૯૭૩ ની કલમ ૪૩૮ તથા ભારતનું બંધારણ ૧૯૫૦ ની આર્ટીકલ ૧૪,૨૧ મુજબ આગોતરા જામીન આપવા બાબત કાયદાનું અર્થઘટ હેતુલક્ષી અર્થઘટન કાયદાને તેની પાશ્વભૂમિકા અને હેતુના સંદર્ભમાં વાંચવાનો રહે નહિ કે શબ્દસહ અર્થઘટન.

અદાલત હાલના સંદર્ભમાં કાયદાનો હેતુસર કરવા હેતુલક્ષી અર્થઘટન કરી શકે છે. પ્રમાણસરના સિધ્ધાંત આર્ટીકલ ૧૪ અને ૨૧ ના હેતુસર કરવા જાણીતો છે. કાર્યરીતીગત દંડનીય જોગવાઈ જે નાગરિકની સ્વતંત્રતાને સ્પર્શે છે તેને વ્યાજબી પણા અને શાણપણ સાથે સુસંગત રીતે વાંચવા જોઈએ.

જયારે કોઈ પ્રથમદર્શનીય કેસ પુરવાર થાય અથવા સંદતર ખોટો કે અન્યાઈ હોય ત્યારે કલમ ૧૮ હેઠળ આગોતરા જામીનનો નિર્ષેધ ના મળે આ બાબત સંબંધીત અદાલતે દરેક હક્કિતો અને ઘટનાઓને ખ્યાલમાં રાખી ન્યાયીક વિવેકબુધ્ધિ વાપરીને નક્કિ કરવાની રહે છે. આમ, કરતી વખતે કાયદાનો સ્થાપિત સિધ્ધાંત પુનરોચ્ચાર કર્યો છે કાયદાના દુરઉપયોગ સામે નિર્દોષનું રક્ષણએ અદાલતના અંતર્ગત અધિકારક્ષેત્રનો એક ભાગ છે જેમાં કોઈપણ જુલમી કાર્યવાહી સામે ન્યાય અને સ્વતંત્રતાના રક્ષણનો રાહ છે. આમ કરવામાં અદાલતને જયારે પ્રથમદર્શી કેસ કે જેમાં કસ્ટોડિયલ પુછપુરછ અને ટ્રાયલ ધરપકલ અને અટકાયતની જરૂર હોય ત્યારે અદાલત કલમ ૧૮ થી અટકાયતને નષ્ટ કરતી નથી.

નિર્દોષ નાગરિકની કનકડગત કોઈપણ જાતિ ધર્મનો હોય તે બંધારણમાં અપાયેલી ખાત્રી વિરૂધ્ધની છે કાયદાથી જાતિઓ વચ્ચે ધિક્કાર ઉત્પન્ન થાય તેવું વર્તન ના કરવું જોઈએ તથા ધિક્કાર ઉત્પન્ન થાય તેવું પરિણામ પણ ના આવવું જોઈએ.

**અનુસંધાન પાના નં ૭ પર**

# ધીરજ અનેક સદ્ગુણઓની જનેતા છે

ક્ષણિક સુખના અનુભવની વાત લંબાવો,
ને એમાં આપણાં ભવભવની વાત લંબાવો !
બધી ય ખાનાખરાબીની વાત ટૂંકાવી,
મળ્યો જીવનમાં તે વૈભવની વાત લંબાવો !
ઉઘાડી નાંખશે સંભાવનાઓ દરવાજા,
ધીરજ ધરો ને અસંભવની વાત લંબાવો !
અનેક દેવી અને દેવતા, મહાપુરુષો,
ટૂંકાવો વાત ને માનવની વાત લંબાવો !

**- ભરત વિંઝુડા**

સાગરકાંઠે એક માણસ બેઠો હતો. એના હાથમાં દર્ભની એક સળી હતી. દર્ભની એ સળી પાણીમાં બોળીને બહાર રેતી પર તે પાણી છંટકારતો હતો. ત્યાં બીજો એક માણસ આવી ચડ્યો. પેલાની આ વિચિત્ર ક્રિયા જોઈ આગંતુકે પૂછ્યું : 'આ શું કરો છો ?'

'દરિયો ખાલી કરું છું.' પેલા માણસે શાંતિથી જવાબ આપ્યો.

'હે!' આગંતુકે આશ્ચર્યથી કહ્યું : 'તમે આ રીતે દરિયો કેવી રીતે ખાલી કરી શકશો ?'

'કેમ કેવી રીતે ?' પેલાએ જવાબ આપ્યો; 'સળીથી જેટલું પાણી બહાર છંટકારાય છે, એટલું દરિયામાંથી ઓછું તો થશે ને ? એટલે ઓછું થાય છે તો ધીમે ધીમે બધું જ ખલાસ થઈ જશે.'

ધીરજ અને આત્મશ્રદ્ધાનું આ કેવું આદર્શ ઉદાહરણ છે! તમે હાથમાં લીધેલું કામ ગમે તેટલું મોટું હોય અને તમારી પાસેનું સાધન ગમે તેટલું નાચીજ હોય, તોપણ તમારી પાસે ધીરજ અને આત્મશ્રદ્ધા હશે તો એ કામ અવશ્ય પાર પડશે.

જેના સામ્રાજયનો સૂર્ય કદી આથમતો નહોતો એવ બ્રિટીશ સલ્તનતમાં કેટલી મોટી તાકાત હતી? એની પાસે માથું ઊંચકવા માટે ગાંધીજી પાસે કયું મોટું સાધન હતું ? એમની પાસે માત્ર અહિંસાનું એક હથિયાર હતું. છતાં એ નાનકડા માનવીએ ધીરજ અને આત્મશ્રદ્ધાથી એટલી મોટી સલ્તનતને હરાવી અને ભારતને સ્વરાજય અપાવ્યું. ગાંધીજી કોઈ દૈવી પુરુષ નહોતા; આપણા જેવા હાડચામના બનેલા માનવી હતા. એમનાથી જે થઈ શક્યું, એ આપણાથી પણ કેમ ના થઈ શકે ?

'ધીરજનાં ફળ મીઠાં ' અને 'ઉતાવળે આંબા ના પાકે' એ કહેવોત આખી પ્રજાના અનુભવનો નિચોડ છે. આંબાની કેરી જેવું સ્વાદિષ્ટ ફળ પ્રાપ્ત કરવું હોય તો ગોટલો વાવ્યા પછી કેટલાં વર્ષો સુધી ધીરજ રાખવી પડે છે ? એમ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો 'રોમ એક દિવસમાં બંધાયું નહોતું.' એ ધ્યાનમાં રાખી સતત મથ્યાં કરવું જોઈએ.

ધીરજ સાથે પુરુષાર્થ અને આત્મશ્રદ્ધા સંકળાયેલા છે. એકલી ધીરજ તો કસું ફળ આપી શકે નહિં, આરંભમાં આપેલા દૃષ્ટાંતનો નાયક દર્ભની સળીથી સતત પાણી બહાર કાઢી રહ્યો છે, અદબપલાંઠી વાળીને બેસી રહ્યો નથી.

તમે કરવા ધારેલું કામ ઘણું મોટું છે, એ જોઈને જ તમે હારી જાઓ તો કદી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. કામ મોટું છે, તો તમારી આત્મશ્રદ્ધા પણ કયાં નાની છે ? તમારી ધીરજ રાખવાની શક્તિને પણ કયાં મર્યાદા છે ?

નેપોલિયન બોનાપાર્ટ સામે આખું યુરોપ ખડું થઈ ગઈ હતું. પણ એની આત્મશ્રદ્ધા હિમાલય જેવડી અડગ હતી. 'મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી!' એમ કહીને એણે જે અપૂર્વ આત્મશ્રદ્ધાથી અને વિરલ ધીરજથી પોતાની સામેના પડકારને ઝીલી લીધો એનો ઈતિહાસમાં કોઈ જોટો નથી. હિમાલયની ટોચ પર પહોંચવું તે કેટલું કપરું કામ છે? હિલેરી અને તેનસિંગે એ કપરું કામ સદેહે પૂરું પાડ્યું. એક એક ડગલું ભરીને એવરેસ્ટ પર પહોંચવાનું હતું. મુશ્કેલીઓનો તો પાર નહોતો. પણ આ બંને સાહસવીરો પાસે ધીરજની ઢાલ અને આત્મશ્રદ્ધાની તલવાર હતી. એથી એમને મુસીબતોને મારી હઠાવી.

આ ધીરજ અને આત્મશ્રદ્ધાનો કોઈ ગાંધી, નેપોલિયન કે તેનસિંગે ઈજારો રાખ્યો નથી. એ બંને તમારી પાસે છે, મારી પાસે છે અને આપણી સૌની પાસે છે; પણ આપણે એને પારખીને વાપરતા નથી, એનો ઉપયોગ કરતા નથી.

ગોવર્ધનરામ ત્રિપાઠીની સુપ્રસિદ્ધ નવલકથા 'સરસ્વતીચંદ્ર' પૂરી થતાં ૨૦ વર્ષ લાગ્યાં હતાં. એમણે કેટલી ધીરજથી કામ કર્યુ હશે ! જગતની સાત અજાયબીઓમાં સ્થાન પામેલા તાજમહાલ તૈયાર થતાં પણ વીસ વર્ષ લાગ્યાં હતા. ચીનની દિવાલ શું રાતોરાત તૈયાર થઈ ગઈ હશે ? દરેક મહાન કાર્ય માણસની ધીરજની કસોટી કરનારું જ હોય છે. કોઈ પણ મહાન કાર્ય ચમત્કારથી થતું નથી. હા, ચાઈમ વાઈઝમેન કહે છે એણ, 'ચમત્કારો પણ કયારેક થાય છે ખરા - પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.'



**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

ધીરજ માણસની માનસિક સ્વસ્થતાની સંજ્ઞા છે, એની પરિપકવતાની નિશાની છે. ધીરજમાં અસહિષ્ણુતા, સ્વસ્થતા અને માનસિક સ્થિરતા છે. એ ઉપરાંત અપૂર્વ આત્મશ્રદ્ધા પણ છે. આમ ધીરજ અનેક સદ્ગુણઓની જનેતા છે.

કોલોરાડો પ્રદેશમાં જયારે સૌથી પહેલી વખત સોનાની ખાણો નીકળી, ત્યારે આખું અમેરિકા ગાંડુ થઈ ત્યાંની જમીન ખરીદવા લાગ્યું. એક કરોડપતિએ પોાતની બધી મૂડી રોકીને એક આખો પહાડ ખરીદી ખોદકામ શરું કર્યું. ખૂબ ખોદકામ કર્યું, પણ સોનું ના મળ્યું. નિરાશ થયેલા શ્રીમંતે આખો પહાડ સાધનો સાથે વેચવા કાઢ્યો. ઘરનાં માણસો કહે, તમારા જેવો ગાંડો કોણ હશે તે ખરીદવા આવશે ? પણ ખરેખર એક ખરીદનારો આવ્યો. વેચાણ થઈ ગયા પછી આ શ્રીમંતે કહ્યું : 'તમે ખરા માણસ છો ! હું બરબાદ થઈને વેચવા નીકળ્યો છું, એ જાણ્યા છતાં તમે ખરીદવા નીકળ્યા છો ?'

'શી ખાતરી કે તમે ખોદ્યું છે એનાથી ઊંડું ખોદતાં સોનું નહિ નીકળે?' પેલાઓ શ્રદ્ધાથી કહ્યું, અને ખરેખર, એક ફૂટ ઊંડું ખોજતાં જ સોનું મળ્યું. આ નસીબ હતું ? ના, ધીરજ અને આત્મશ્રદ્ધા !

**Last Seen :**

થયો અજવાસ ઝાંખો સ્હેજ ! ધીરજ સાચવી રાખો !
હવે ઝળહળ થશે સાચ્ચે જ ! ધીરજ સાચવી રાખો.
તમારી ભીતરે છે તેજ,ધીરજ સાચવી રાખો;
કદી એ બ્હાર પણ મળશે જ ! ધીરજ સાચવી રાખો.
કહું છું વાત એની એ જ, ધીરજ સાચવી રાખો!
બધું સારું થવાનું છે જ ! ધીરજ સાચવી રાખો.
સુરજ સુખનો ઉગે છે બસ! જરા તકદીર તપવા દો !
કહે છે આંખમાંનો ભેજ, ધીરજ સાચવી રાખો!
તમે પીધાં જ છે ને ઝાંઝવા પણ ખુબ જલસાથી !
હવે તો છો નદી કાંઠે જ ! ધીરજ સાચવી રાખો.

**- ડો.મનોજ જોશી 'મન' (જામનગર)**

- nehalgadhavi101@gmail.com

# મુખ્ય પ્રધાનોનાં ધરણાં-અનશનથી જાહેર રૂદન લગી

કર્ણાટકના મુખ્ય પ્રધાન એચ. ડી. કુમારસ્વામી જાહેર સમારંભમાં ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યા. ભારતીય રાજનીતિક મંચ હવે નાટ્યમંચમાં પરિવર્તિત થઈ રહ્યાની અનુભૂતિ થઈ રહી છે: હમણાં સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને બંધારણેલી બક્ષેલી સત્તાનો ઉપયોગ કરવા દેવામાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત નાયબ રાજ્યપાલ (લૅફ્ટનન્ટ ગવર્નર) અવરોધ સર્જે નહીં એવો ચુકાદો આપ્યો એટલે હાશકારો અનુભવાયો હતો.જોકે, દેશની સૌથી ઊંચી અદાલતની બંધારણીય ખંડપીઠના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા સહિતના પાંચ ન્યાયાધીશોના ચુકાદાને પણ માનવાનો જાણે કે ઈનકાર કરી દેવાયો. છાસવારે ધરણાં અને અનશન પર બેસતા કેજરીવાલે ફરી આ જ માર્ગે ચાલવું પડે એવા સંજોગો છે. કુમારસ્વામીને મુખ્ય પ્રધાન રહેવામાં આનંદ નથી તો રાજીનામું આપી દેતાં કોણ આડા હાથ દે છે? જોકે એમણે પાછળથી ફેરવી તોળીને મિત્રપક્ષ કૉંગ્રેસને દોષમુક્ત જાહેર કર્યો. કૉંગ્રેસી નેતા અને નાયબ મુખ્યમંત્રી જી.પરમેશ્વરે તો કુમારસ્વામીનાં આંસુને હરખનાં આંસુ લેખાવીને કહ્યું કે અમે બંને પક્ષો ગમે તે ભોગે પાંચ વર્ષ સંયુક્ત સરકાર ચલાવીશું,કારણ એ અમારી જવાબદારી છે. કેજરીવાલ તો એકલવીર બનીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સામે જંગે ચડેલા છે. કુમારસ્વામીને બબ્બેવાર કોણે ફરજ પાડી હતી કે કૉંગ્રેસના ટેકે મુખ્ય પ્રધાન બનો? વડા પ્રધાન રહેલા પિતા એચ. ડી. દેવેગોવડાના રાજકીય વારસનાં આંસુ મગરનાં આંસુથી અલગ લાગતાં નથી.

**ઓક્ટોબરમાં ભાજપની સરકાર**

કુમારસ્વામીની પાર્ટીના ધારાસભ્યો અને ટેકેદાર કૉંગ્રેસના ધારાસભ્યો ભાજપની સરકાર રચવાની વેતરણમાં છે. જેમ જેમ લોકસભાની ચૂંટણી નજીક આવતી જાય છે એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના દેશભરના ઝંઝાવાતી પ્રવાસો વિપક્ષોનાં ગાત્રો ધ્રુજાવે છે. વિપક્ષી એકતા થકી મોદીના સ્ટીમરોલરને ખાળવાની વાત તો દૂર રહી, મુખ્ય પ્રધાન જાહેરમાં રડે છે અને કહે છે કે પોતે મુખ્ય પ્રધાન તરીકે ખુશ નથી. પોતાને શિવજી સાથે સરખાવીને હળાહળ પીવાની સ્થિતિએ પહોંચ્યાનું નિવેદન કરે ત્યારે એ સહાનુભૂતિ મેળવવાનો પ્રપંચ કરતા વધુ લાગે છે. એમને સમજાઈ ગયું છે કે આવતા ઑક્ટોબર સુધીમાં બૅંગલૂરુમાં ભાજપના વડપણવાળી સરકાર રચાશે એટલે ત્રાગાં શરૂ કર્યાં છે. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્તનો રકાસ કરીને મોકળા થયેલા મોદી-શાહની જોડી હવે

- કર્ણાટકના જેડી(યુ) નેતા કુમારસ્વામીએ વ્યથા ઠાલવીને ફેરવી તોળવામાં જ સ્વનું શ્રેય લેખ્યું
- નાયબ મુખ્યમંત્રી પરમેશ્વરે "હરખનાં આંસુ" કહી સરકારનાં પાંચ વર્ષની ભવિષ્યવાણી કરી
- મુખ્યમંત્રી મોદીએ ઉપવાસ થકી કેન્દ્રને કરેલી માંગણીઓ વડાપ્રધાન મોદી કને ઊભી જ છે
- હાર્દિક પટેલની તુક્કાવાણી છતાં રૂપાણી પોતાને સૌથી સુરક્ષિત મુખ્યપ્રધાન ગણાવી શકે છે

રાજકીય શિકારે નીકળશે અને સૌથી પહેલો શિકાર કર્ણાટક સરકારનો કરીને વેરની વસુલાત કરવા એ આતુર છે.કુમારસ્વામી અગાઉ ભાજપ સાથે ઘર માંડી ચુકેલા છે. ખટરાગ વહોરી ચૂક્યા છે. વિધાનસભાની છેલ્લી ચૂંટણીનાં પરિણામો ત્રિશંકુ વિધાનસભા રચવા જેવાં આવતાં સૌથી મોટા પક્ષને સરકાર રચવા નિમંત્રણ આપીને રાજ્યપાલ વજુભાઈ વાળાએ મોસાળમાં મા પીરસનારીની ઉક્તિને સાર્થક તો કરી, પણ ભાજપના વરરાજા યેડિયુરપ્પાએ માયરામાંથી જ જાન પાછી વાળવી પડે એમ વિશ્વાસનો મત મેળવ્યો નહીં, અને કુમારસ્વામી હરખભેર મુખ્ય પ્રધાન બન્યા, વિશ્વાસનો મત જીત્યા.

**રાહુલમાં વડાપ્રધાનનાં દર્શન**

કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીને અત્યારે તો કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીમાં વડાપ્રધાનના પ્રથમ ક્રમના ઉમેદવારનાં દર્શન થાય છે.સાથે છે ત્યાં લગી તો રૂડું રૂપાળું અનુભવાય એ સ્વાભાવિક છે.આવતીકાલોમાં કેવાં ચિત્ર ઉપસે એને આધારે જ કાલની વાત થાય.અગાઉ ભાજપ અને કૉંગ્રેસ બંને સાથે જોડાણ કરવાના કટુ-મધુ અનુભવમાંથી પસાર થઈ ચૂકેલા કુમારસ્વામી પોતાના ૯૨ વર્ષીય પિતા દેવેગોવડા ફરીને વડાપ્રધાન થવા ઉત્સુક નહીં હોવાનું સ્પષ્ટ કરે છે.મલયેશિયામાં ૯૨ના મહમ્મદ મહાતીર ૯૨ વર્ષે ફરી વડાપ્રધાન થઈ શકતા હોય તો અત્યારે સ્વસ્થ જણાતા લોકસભાના સાંસદ દેવેગોવડા ભવિષ્યમાં વડાપ્રધાનપદ માટેની સ્પર્ધામાં ઊતરી પણ શકે.કર્ણાટકની લોકસભાની કુલ ૨૮ બેઠકોમાંથી ૨૦ થી ૨૫ બેઠકો જેડી(એસ)-કૉંગ્રેસ યુતિને મળે એવી રાજ્યના મુખ્યમંત્રીની ગણતરી છે.ગઈ લોકસભાની ચૂંટણીમાં તો ભાજપને ૧૭ બેઠકો મળી હતી અને આ વખતે એ પણ ખૂબ આક્રમકતા સાથે ચૂંટણીમાં ઝૂકાવશે.



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

**મુખ્ય પ્રધાન મોદીના ઉપવાસ**

વર્તમાન વડા પ્રધાન મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવાની માગણી સાથે જીએમડીસી ગ્રાઉન્ડ પર પંચતારક ઉપવાસ પર બેઠા હતા. કેન્દ્રમાં એ વેળા કોંગ્રેસના વડપણવાળી ડૉ. મનમોહન સિંહની સરકાર હતી. આજે સ્વયં મોદીના વડપણવાળી કેન્દ્ર સરકારને ચાર વર્ષ વીત્યા છતાં ના તો નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરાઈ છે કે ના એમણે મુખ્ય પ્રધાન તરીકે કેન્દ્ર સમક્ષ કરેલી પશ્ચિમ રેલવેનું વડું મથક મુંબઈથી અમદાવાદ લાવવા, સોલ્ટ કમિશનરની કચેરી જયપુરથી ગુજરાત ખસેડવાની કે અમદાવાદને કર્ણાવતી નામ આપવાની માગણી પોતે સંતોષી શક્યા છે. પ્રત્યેક જિલ્લે જિલ્લે નરેન્દ્રભાઈએ સદભાવના ઉપવાસ કરીને હજારો કરોડ રૂપિયાની વિકાસ યોજનાઓ જાહેર કરી હતી. એમનો અમલ પણ રખડી પડ્યો છે.

**સૌથી રાજી મુખ્યપ્રધાન રૂપાણી**

ભલે પાટીદાર અનામત આંદોલનના યુવાનેતા હાર્દિક પટેલે દસ દિવસમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીના રાજીનામાની વાત કરી હોય, એ મુદત વીતી ગયા પછી પણ વિજયભાઈ પોતાના હોદ્દે અકબંધ છે. ગૉડફાધર દિલ્હીમાં હોય પછી ગાદી પરથી ઉથલાવવા કે બદલવાની હિંમત કોણ કરી શકે, એ વિજયભાઈને બરાબર સમજાય છે. જોકે, ગૉડફાધર મોદી વડા પ્રધાન હોવા છતાં આનંદીબહેન મુખ્ય પ્રધાન મટી ગયાનું ઉદાહરણ સામે છે જ. હવે ભાજપના અધ્યક્ષ અમિત શાહની છાવણીના રૂપાણીને કોઈ હલાવી શકે એમ નથી લાગતું એટલે જ્યારે કર્ણાટકના જનતા દળ (સૅક્યુલર)ના મુખ્યપ્રધાન કુમારસ્વામી રડવા બેઠા છે ત્યારે રૂપાણી પડકાર ફેંકે છે: 'હું સીએમ હતો અને ભવિષ્યમાં પણ હું જ રહીશ.' રૂપાણી અમરપટ્ટો લખાવીને આવ્યા લાગે છે. જોકે અણીચૂક્યો સો વર્ષ જીવે એ કહેવતે હાલપૂરતું તો રૂપાણીને હરખપદુડા બનાવી દીધા છે.

haridesai@gmail.com